Exchange Offer Rs. 4999/-
Glass Warranty 5 Years
Sunflame

PARMANAND STEEL CENTER
Opp. Khadi Bhandar, Ranjit Road, Jamnagar - 361001.
M. 94846 06565

RNI Regd. No. 38399/62
Postal Regd. No. Jam/GJN/18/2022-2025
At Posted Jamnagar gfy. 361001

www.nobat.com

જામનગર-દેવભૂમિ દ્વારકા
જિલ્લાનું સર્વ પ્રથમ સાંધ્ય દૈનિક

નોબત

Page 8 Price : ₹ 3.50

NOBAT (GUJARATI EVENING DAILY) PRINTED AT JAMNAGAR (GUJARAT),
20 APRIL 2024, SATURDAY • Vol. No. 67 • PRICE ₹ 3.50 • ISSUE No. 290

નિલેષ લલિતચંદ્ર વ્યાસ
ગોલ્ડ મેડાલીસ્ટ B.Com., L.L.B.
જ્યોતિષ શિરોમણી
દર અમાસે શિવાલયમાં કાલસર્પ યોગ શાંતિ
નવ ગ્રહના રીયલ રત્નો
સચોટ કોમ્પ્યુટર જન્માક્ષર
વ્યાપારમાં વૃધ્ધી
સચોટ મેળાપક
લક્ષ્મી પ્રાપ્તી
વૈદિક કર્મકાંડ વાસ્તુ શાસ્ત્ર
શ્રેષ્ઠ આરોગ્ય

ભાર્ગવ જ્યોતિષ કાર્યાલય
૧૦૧-ચૈતન્ય કોમ્પ્લેક્ષ, આર્ય સમાજ સ્કૂલ સામે, જામનગર
PH. 2663 108, Mob: 9426471 108, 99242 28528
www.bhargavjyotishkaryalay.in

■ Founder Editor: Late Ratilal Madhvani ■ Editor, Printer Publisher: Pradip Madhvani ◆ Owner: Madhvani Prakashan (Nobat) ◆ Printing at: Nobat Press, Nobat Bhavan, Pancheshwar Tower Road, Jamnagar ◆ Phone: 2670924/2555924 ◆ Fax: 2553752

પીએમ મોદી સાથે યોજવાની હતી બેઠક

એલોન મસ્કની ભારતની મુલાકાત રદ

નવી દિલ્હી તા. ૨૦ : એલોન મસ્કે અચાનક જ ભારતનો પ્રવાસ કેન્સલ કર્યો છે, તેઓની વડાપ્રધાન મોદી સાથે બેઠક થવાની હતી, જેમાં તેઓ ૩૦ અબજ ડોલરનો પ્રોજેક્ટ રજૂ કરવાના હતા, તેમ જાણવા મળે છે.

ટેસ્લાના સીઈઓ એલોન મસ્કે હાલ પૂરતી તેમની ભારત મુલાકાત રદ્દ કરી છે. મસ્ક ૨૧ એપ્રિલે ભારતની મુલાકાત લેવાના હતાં. પરંતુ મસ્કે ટ્વિટર પર ટ્વીટ કરી શનિવારે ભારત મુલાકાત રદ્દ કરી હોવાની માહિતી આપી હતી. ઈલોન મસ્ક વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે બેઠક કરવાના હતાં.

ટેસ્લા ભારતમાં મોટા રોકાણ સાથે પ્રવેશ કરવાની યોજના ધરાવે છે. તે દેશમાં ટેસ્લાનો પ્લાન્ટ સ્થાપિત કરવા માગે છે પરંતુ કોઈ કારણોસર ભારતની મુલાકાત મુલતવી રહી છે. મસ્ક ૨૧-૨૨ એપ્રિલના ભારતની મુલાકાતે હતાં. જ્યારે ૨૩ એપ્રિલે અમેરિકામાં ટેસ્લાના પ્રથમ ત્રિમાસિક પરિણામો અંગે પ્રશ્નો પર સ્પષ્ટતા રજૂ કરવાની છે, જેથી માનવામાં આવી રહ્યું છે. ૨૧-૨૨ ભારતમાં રહ્યા પછી તેમના માટે ૨૩ એપ્રિલે આ કોન્ફરન્સ કોલમાં સામેલ રહેવું મુશ્કેલ હોવાથી તેમણે ભારતની મુલાકાત લેવાનું ટાળ્યું છે.

સુત્રોએ જણાવ્યું હતું કે, ઈલોન મસ્કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. જેમાં તેમણે ટેસ્લાનો ભારત પ્રવેશ માટેનો વિચાર રજૂ કર્યો હતો. જો ભારત ઈલેક્ટ્રિક વ્હિકલ્સ કંપનીઓને અમુક રાહતો આપે તો તેઓ ભારતમાં ટેસ્લાનો પ્લાન્ટ સ્થાપિત કરશે.

ચિત્રવિચિત્ર પ્રચાર અને વિવિધ ઘટનાક્રમોના સંયોજન સાથે ચૂંટણી બની રહી છે ચટાકેદાર !

ધોમધખતા તડકા અને ઘણાં સ્થળે ગરમીના પ્રકોપ વચ્ચે ગઈકાલે લોકસભાની ૧૦૨ બેઠકો માટે ૬૨ ટકાથી વધુ મતદાન થયું.

કેટલાક સ્થળે ભારે મતદાન થયું, તેથી હવે તેનાથી કયા સ્થળે કયા પક્ષને ફાયદો થશે, મુખ્ય બે ગઠબંધનોમાં કોને વધુ ફળશે અને કોને નુકસાન થશે, તેના બેઠકવાર, રાષ્ટ્રવાર અને જનરલ વિશ્લેષણો થઈ રહ્યા છે. ચૂંટણીમાં ઝંપલાવ્યું હોય, તે ઉમેદવારો અને રાજકીય પક્ષો તો સ્વાભાવિક રીતે જ પોતાના વિજયના દાવાઓ કરે, પરંતુ કેટલાક રાજકીય પંડિતો આ વખતે નવાજુની થવાના એંધાણ દર્શાવી રહ્યા છે, જ્યારે કેટલાક અન્ય વિશ્લેષકો જ્યાં ભારે મતદાન થયું છે, ત્યાં પ્રો-ઈન્કમ્બન્સી એટલે કે પ્રવર્તમાન શાસન તરફી મતદાન થયું હોવાના તારણો પણ કાઢી રહ્યા છે. જો કે, પ્રો-ઈન્કમ્બન્સીનું અર્થઘટન કેન્દ્ર સરકાર તરફી મતદાન થયું હોય, તેવું પણ થઈ શકે અને જે-તે પ્રદેશ (રાજ્ય)માં જે રાજકીય પક્ષ કે ગઠબંધનની સરકાર હોય, તેની અસર હેઠળ મતદાન થયું હોવાનું અર્થઘટન પણ કેટલાક વિવેચકો કરતા હોય છે. જો કે, હવે તો રાજકીય વિશ્લેષણો તથા તારણો તથા કોઈને કોઈ રાજકીય પક્ષની પ્રાદેશિક અને રાષ્ટ્રીય અસરો હેઠળ પણ થતા હોય તેવું પણ લાગે, પરંતુ વર્ષોના અનુભવી અને વિશ્વસનિય વિવેચકો, વિશ્લેષકો અને રાજકીય પંડિતોના તારણો મોટાભાગે તટસ્થ રહેતા હોય છે એ હકીકત છે હવે મતદારો પણ પોતાનું મન કળવા દેતા હોતા નથી અને આચારસંહિતા અમલમાં હોવાથી ચૂંટણીની વચ્ચે ઓપિનિયન પોલ કે એક્ઝીટ પોલ પણ થઈ શકતા નથી, તેથી આ પ્રકારની અટકળો કે અનુમાનો માત્ર જિજ્ઞાસા સંતોષવા ખાતર કે પછી પોત-પોતાના દાવાઓને મજબૂત બનાવવા માટે પણ ઉમેદવારો અને રાજકીય પક્ષો કરતા હોય છે, ખરું કે નહીં ?

ગઈકાલે ૬૨ ટકાથી વધુ મતદાન થયું તેમાં સૌથી વધુ મતદાન ત્રિપુરા અને પં.બંગાળમાં થયું, તેને પરિવર્તન માટેનો જનાદેશ ગણવામાં આવી રહ્યો છે, તો સામા પક્ષે પં.બંગાળની જનતાએ કેન્દ્રીય શાસક ગઠબંધન તરફી મતદાન કર્યું હોવાના દાવાઓ પણ થઈ રહ્યા છે. કેટલાક વિશ્લેષકો આ વખતે પણ મતદાનમાં એક વખત ફરીથી મમતા બેનર્જીનું પલ્લુ ભારે હોવાના સંકેતો આપી રહ્યા છે, જ્યારે એવા અભિપ્રાય પણ આવી રહ્યો છે કે ત્રિપુરા અને પં.બંગાળના પરિણામો આ વખતે ચોંકાવનારા હશે. જો કે, ત્રિપુરામાં એનડીએ તરફી માહોલ હોવાના દાવા પણ થઈ રહ્યા હતાં.

બિહારમાં થયેલું ઓછું મતદાન ભાજપના નેતૃત્વમાં રચાયેલા સ્થાનિક ગઠબંધન માટે ચિંતા ઉપજાવનારું હોવાનો મત વ્યક્ત થઈ રહ્યો છે, અને બિહારની જનતાને નીતિશકુમારે છેલ્લી ઘડીએ કરેલો પક્ષપલ્ટો પસંદ આવ્યો નથી, તેમ જણાવાઈ રહ્યું છે. બીજી તરફ તેજસ્વી યાદવ અને ઈન્ડિયા ગઠબંધનની રેલીઓમાં ઉમટતી જંગી જનમેદની 'વોટ'માં પરિવર્તિત થઈ હોય તેમ લાગતું નથી, તેવા તારણો કાઢીને બિહારમાં થયેલું ઓછું મતદાન ઈન્ડિયા ગઠબંધનને નુકસાન કરશે, તેવા દાવો પણ કરાઈ રહ્યો છે. જો કે તટસ્થ વિશ્લેષકોના અભિપ્રાયોનું તારણ કાઢીએ તો એમ જણાય છે કે

અનુસંધાન પૃષ્ઠ (૪) પર

સોશ્યલ મીડિયાના માધ્યમથી શાબ્દિક સટાસટી: "ચંદા કા ધંધા" નો કોર્સ !

વડાપ્રધાન મોદી ચલાવે છે ભ્રષ્ટાચારની નિશાળ: અમે જીતીશું તો મારીશું તાળા: રાહુલ ગાંધી

નવી દિલ્હી તા. ૨૦ : કોંગી નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર આકરા શાબ્દિક પ્રહારો કરતા કહ્યું હતું કે, વડાપ્રધાન ભ્રષ્ટાચારના કોર્સ સાથે શાળા ચલાવી રહ્યાં છે, જેને અમે જીતીશું તો તાળા મારી દઈશું.

કોંગ્રેસના કદાવર નેતા રાહુલ ગાંધીએ આ વખતે સીધા પીએમ મોદી પર પ્રહાર કરતાં આરોપ મૂક્યો કે, વડાપ્રધાન મોદી દેશમાં ભ્રષ્ટાચારની શાળા ચલાવી રહ્યાં છે, જેમાં તે પોતે ભ્રષ્ટાચાર વિજ્ઞાન વિષય હેઠળ 'ચંદે કા ધંધા' સહિત દરેક ચેપ્ટર જાતે શીખવી રહ્યાં છે. રાહુલ ગાંધી અહીં જ ન રોકાયા અને તેમણે વધુ આરોપ મૂકતાં કહ્યું કે, કેન્દ્રીય તપાસ એજન્સીઓ પણ દરોડા પાડીને પણ ફક્ત દાનની રકમ એકઠી કરી રહી છે.

સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરતાં રાહુલે લખ્યું કે, દરોડા પાડીને દાન કેવી રીતે લેવાય...? દાન લઈને કોન્ટ્રાક્ટ કેવી રીતે અપાય...? ભ્રષ્ટ લોકોના દાગ દૂર કરવાની મશીન કેવી રીતે ચાલે છે...? કેવી રીતે તપાસ એજન્સીઓને રીક્વરી એજન્ટ બનાવી જામીન અને જેલનો ખેલ રમાય છે...?

ભ્રષ્ટાચારીઓનો અડ્ડો બની ગયેલા ભાજપે તેના નેતાઓને આ કેશ કોર્સ શીખવાડી દીધો છે, જેની કિંમત હવે દેશ ભોગવી રહ્યો છે.

રાહુલ ગાંધીએ કહ્યું કે, જ્યારે કેન્દ્રમાં આઈએનડીઆઈએ ગઠબંધનની સરકાર આવશે ત્યારે અમે આ સ્કૂલ પર તાળું મારી હંમેશાં કોર્સ બંધ કરી દઈશું.

ઉલ્લેખનીય છે કે, રાહુલ ગાંધી આજે બિહાર પહોંચ્યા હતાં અને ભાગલપુરમાં પણ તેઓ રેલી સંબોધવાના છે. આ રેલીમાં ગઠબંધનના અન્ય નેતાઓ પણ સામેલ થવાના છે.

જગ્યા ભાડે - વેચાણથી આપવાની છે
રણજીત સાગર રોડ પર
કારપેટ - ૨૪૦૦ સ્કે. ફૂટ
રેસ્ટોરન્ટ લાયક
ફુલ ફર્નીચર WITH A.C. + 120 સીટીંગ અરેન્જમેન્ટ + અદ્યતન કિચન રેડી
તાત્કાલીક ધોરણે
91 57 666 222

અમેરિકાની વર્જિનિયા સ્થિત જ્યોર્જ મેસન યુનિવર્સિટીની શોધ

માનવીની ઊંઘનું પ્રમાણ નક્કી કરવા આર્ટિફીશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ: નવી ટેકનોલોજીનો પ્રયોગ

નવી દિલ્હી તા. ૨૦: વર્જિનિયાની જ્યોર્જ મેસન યુનિવર્સિટી એનએ વિશ્લેષજ્ઞોની શોધ મુજબ આર્ટિફીશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ઓછી ઊંઘ આવવાના કારણો શોધીને તેનું નવી ટેકનોલોજીના પ્રયોગથી નિવારણ થઈ શકશે.

હવે આર્ટિફીશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ઓછી ઊંઘ આવવાના કારણો જાણી શકાશે. અમેરિકાની વર્જિનિયાની જ્યોર્જ મેસન યુનિવર્સિટીના અભ્યાસમાં આ દાવો કરવામાં આવ્યો છે. આ સંશોધન માટે સેન્ટર અને આર્ટિફીશિયલ ઈન્ટેલિજન્સ ટેકનિકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સંશોધકોનું કહેવું છે કે હવે લોકોની સારી ઊંઘ તેમની હિલચાલ પરથી જાણી શકાય છે. જો ચાલતી વખતે હિપ્સ ખૂબ જ ધ્રુજતા હોય અને વ્યક્તિ વાંકા હોય તેવું લાગે અથવા પગથિયાં જમીન સાથે સરખી રીતે અથડાતા ન હોય તો સમજી લેવું કે તમને રાત્રે પૂરતી ઊંઘ નથી આવી. જેના કારણે વ્યક્તિ થાક પણ અનુભવે છે.

આ અભ્યાસ જ્યોર્જ મેસન યુનિ.ના પ્રોફેસર એલ. માર્ટિનેની આગેવાની હેઠળ થયો છે. જ્યોર્જ મેસન યુનિવર્સિટી, વર્જિનિયાના પ્રો. એલ. માર્ટિને કહ્યું કે આ અભ્યાસનો ઉપયોગ કરીને વૈજ્ઞાનિકો એવી ટેકનોલોજી વિકસાવી શકે છે જે ઓળખી શકે છે કે વ્યક્તિ થાકેલો છે કે નહીં. ખાસ કરીને ડ્રાઈવીંગ, સ્પોર્ટસ કે અન્ય આવા વ્યવસાયોમાં ઊંઘની ઉણપ અને થાકને કારણે કોઈ ભૂલ કે અકસ્માત થવાની સંભાવના રહે છે.

આ સમસ્યાને નવી ટેકનોલોજીથી ઉકેલી શકાય છે. એઆઈ એ પ્રથમ પગલું ભર્યા ત્યારથી જ ચાલવા જતા સહભાગીઓની સંપૂર્ણ વોકીંગ પેટર્નની તપાસ કરી. જે લોકો ઓછી ઊંઘ લે છે તેમની કરોડરજ્જુ ઓછી વક્રતા જોવા મળી હતી. જેનાથી તેઓ કુંડાળા દેખાયા હતાં. જેમ જેમ તેઓ આગળ વધતા ગયા તેમ તેમ હીંડછામાં વધુ ફેરફારો જોવા મળ્યા. જેમ કે તેના હિપ્સ વધુ આગળ વધી રહ્યા હતાં. પ્રોફેસર માર્ટિને કહ્યું કે એકદરે તેઓ સમાન ગતિએ ચાલી શકતા નથી.

HATHI ACHAR MASALA MIX
અથાણા બનાવવા પળોજણ નહિ લાગે

Customer Care : 94282 11521

લોકસભા ચૂંટણી અંતર્ગત ભરાયેલા ફોર્મની ચકાસણી

જામનગરમાં મેન્ડેટના અભાવે બસપાના એક ઉમેદવારનું ફોર્મ રદ: અન્ય તમામ માન્ય

જામનગર તા. ૨૦ : ૧૨-જામનગર લોકસભા બેઠક માટે ચોવીસ ઉમેદવારીપત્ર ભરાયા હતાં જેમાં મુખ્ય ભાજપ-કોંગ્રેસ અને અપક્ષના ઉમેદવારી પત્રો માન્ય રહ્યા છે. એક માત્ર ઉમેદવારનું મેન્ડેટના અભાવે ફોર્મ રદ થયું છે.

જામનગર લોકસભાની બેઠક માટે ગઈ સાંજ સુધીમાં કુલ ૨૪ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતાં. આજે તમામ ફોર્મની ચકાસણી કરવામાં આવી હતી. તેમાં ૨૪ માંથી ૨૩ ફોર્મ માન્ય રહ્યા છે એક માત્ર બસપાના એક ઉમેદવાર પાસે મેન્ડેટ નહીં હોવાથી તેનું ફોર્મ રદ થયું છે. જો કે, અન્ય બસપાના ઉમેદવારનું ફોર્મ માન્ય રહ્યું છે. હવે ઉમેદવારીપત્રો પાછા ખેંચાયા પછી ચિત્ર સ્પષ્ટ થશે.